**લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો,ગુજરાત રાજય,અમદાવાદ ખાતે કરારના ધોરણે ફાયનાન્સીયલ ટાસ્ક ફોર્સ (ફાયનાન્સ/ટેક્ષેશન) એડવાઈઝરની જગ્યા ઉપર નિમણૂક**

ભ્રષ્ટાચાર અને લાંચની બદી ડામવા સરકાર કૃતનિશ્ચયી અને અગ્રેસર છે. વધતી જતી આ બદીને અટકાવવા જેમાં ખાસ કરીને લાંચ આપનાર અને લેનાર બંને પક્ષે મેળાપીપણાથી થતા અને ભ્રષ્ટાચારમાંથી બનતી આવકના પ્રમાણમાં અસમાન સંપતિના કેસો શોધી અને અટકાવવા લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો એ એક સરકારી જાહેરહિતમાં કામ કરતી સક્ષમ સંસ્થા છે. ભ્રષ્ટાચાર નાબૂદી અભિયાનની અસરકારકતા માટે અપ્રમાણસર મિલકતોના કેસોમાં મિલકતના સાચા વેલ્યુએશન માટે લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોની કચેરીની તથા જિલ્લાની કચેરીની અસરકારક કામગીરી માટે પ્રિવેન્ટીવ એકશન યુનિટ માટે – ૦૧ એડવાઈઝર (ફાયનાન્સ/ટેક્ષેસન) ની સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યા ઉપર માસિક ફિક્સ વેતન રૂ.૬૦,૦૦૦/– ના માનદ વેતનથી કરારના ધોરણે નિમણૂંક આપવાની છે.

**જગ્યાઓ:**

**ફાયનાન્સ/ટેક્ષેશન એડવાઈઝર– ૦૧ જગ્યા**

આ જગ્યા માટે નિમણૂક સ્થળ અમદાવાદ રહેશે, નિમણૂક આપનાર સત્તાધિકારી બ્યૂરોના તાબા હેઠળના કોઈ પણ સ્થળે કામ લેવા સક્ષમ રહે છે.

– ઉમેદવારે ઈન્ટરવ્યુ માટે આ હેતુ માટે બનાવવામાં આવેલ કમિટી સમક્ષ આપવામાં આવે તે તારીખ સમયે અમદાવાદ ખાતે હાજર રહેવાનું રહેશે.

– ઈન્ટરવ્યુની હાજરી માટે ઉમેદવારને કોઈ ભાડા ભથ્થું ચૂકવવામાં આવશે નહી.

➢ **એડવાઈઝર (ફાયનાન્સ/ટેક્ષેસન)**

**લઘુત્તમ શૈક્ષણિક લાયકાત:**

(૧) ઓલ ઈન્ડિયા ચાર્ટડ એકાઉન્ટસ ઈન્સ્ટીટયુટની C.A. ની ડીગ્રી ધરાવતા અને પાંચ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવાર અરજી કરવાપાત્ર ગણાશે. વધુમાં એલ.એલ.બી.(ટેક્ષેસન)ની ડીગ્રી ધરાવતા હોય તેને પ્રાધાન્ય આપવામાં આવશે/ **અથવા**

(૨) માન્ય યુનિવર્સીટીના સ્નાતક પછી ભારતીય રાજસ્વ સેવામાં(ઈન્કમટેક્ષ વિભાગ)ની આકારણી/અપીલનો વર્ગ–૧નો ઓછામાં ઓછો ૭ વર્ષનો અને વર્ગ–૨ સહિત કુલ ૧૫ વર્ષથી ઓછો નહી તેવો અનુભવ ધરાવતા હોવા જોઈએ/. **અથવા**

(૩) ઉમેદવાર કોમ્પ્યુટરમાં અંગ્રેજી/ ગુજરાતી ટાઈપ કરવાના જાણકાર હોવો જોઈએ.

**જોબ ચાર્ટ:**

અપ્રમાણસરની મિલ્કતોની કિસ્સામાં આક્ષેપિત દ્વારા કરવેરાની છુપાવેલ વિગતો તથા રજુ કરેલ નાણાકીય વિગત બાબતે કરવાની થતી ટેક્ષ આકારણી બાબતે માર્ગદર્શન પુરૂ પાડી આક્ષેપિત દ્વારા ગેરમાર્ગે દોરતી નાણાકીય બાબતો અંગે માર્ગદર્શન પુરૂ પાડી તપાસનીશ અધિકારીને તમામ રીતે મદદરૂપ થવાનું રહેશે. નિમણૂક સમયે ઉમેદવારને પોતાની ખાનગી / કન્સલ્ટીંગ પ્રેકટીસ કરવાનો હક્ક રહેશે નહીં.

ઉપરોકત **એક** જગ્યા માટે નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારી પણ અરજી કરી શકે છે. **૬૨ વર્ષ ની ઉંમર બાદ નિમણૂંક મળી શકશે નહી.** જે માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૦૭/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: આરઈએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ–૨ તથા તા.૦૪/૧૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ–૨ માં જણાવેલ બોલીઓ અને શરતોને આધિન રહેશે.

નિમણૂક પામતા ઉમેદવારે કરાર આધારિત નિમણૂંક હોઈ, નકકી કરાયેલ ધોરણનુસારનો કરાર કરવાનો રહેશે કરારની શરતો સરકારી તથા બ્યૂરો દ્વારા થતા નિયમો અને તેમાં થતાં વખતો–વખતના સુધારા નિમણૂક પામતા ઉમેદવારને બંધનકર્તા રહેશે.

સંપર્ક: ટે.ફોન નંબર ૦૭૯– ૨૨૮૬૯૨૨૮, ૨૮૮૬૦૩૪૩, ૨૨૮૬૦૩૪૧

નિયામક
લાંચ રૂશવત વિરોધી બ્યૂરો
ગુજરાત રાજય, અમદાવાદ

